# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધિત કરશે

2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું ભારતને વિકસિત બનાવવામાં સહકાર ક્ષેત્રનું મહત્વનું યોગદાન હશે

3) વિદેશ સચિવ વિક્રમ મિશ્રી રવિવારથી ચીનની બે દિવસની મુલાકાતે જશે

4) મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું છે કે રાષ્ટ્રીય મતદાતા દિવસ લોકશાહીની ભાવનાનો સન્માન કરવાનો ઉત્સવ છે

5) વકફ બિલ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠકમાંથી વિપક્ષના દસ સાંસદોને સસ્પેન્ડ કરાયા

6) મહિલા હોકી ઈન્ડિયા લીગમાં આજે JSW સૂરમા હોકી ક્લબ અને શ્રાચી રાઢ બંગાળ ટાઈગર્સ વચ્ચે મુકાબલો

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ-ADDRESS TO NATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધિત કરશે. આ સંબોધનનું આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંજે 7 વાગ્યાથી અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજીમાં પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ પછી દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી તેના પ્રાદેશિક નેટવર્ક્સ પર રાત્રે 9.30 વાગ્યાથી પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

# AMIT SHAH – MAHARASHTRA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મહારાષ્ટ્રના નાસિકમાં સહકાર ક્ષેત્રની વિવિધ પહેલનો આરંભ કરાવ્યો હતો. શ્રી શાહે મુંબઇમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમના કોર્પોરેટ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 નિમિત્તે ગોરેગાંવમાં આયોજિત સેમિનારમાં શ્રી શાહે જણાવ્યું કે ભારતને વિકસિત બનાવવામાં સહકાર ક્ષેત્રનું મહત્વનું યોગદાન હશે.

**(બાઈટ : અમિત શાહ )**

# UNION MINISTER KHATTAR

કેન્દ્રીય શહેરી બાબતો અને ઉર્જા મંત્રી મનોહરલાલ ખટ્ટરે તેલંગાણાના કરીમનગરમાં 24 કલાક પાણી પુરવઠા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. 24 કલાક પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડતો આ પ્રકારનો પહેલો પ્રોજેક્ટ છે. કરીમનગરના 5 વિભાગોમાં શરૂ કરાયેલા પાયલોટ પ્રોજેક્ટને 18 કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવામાં આવ્યો છે. લગભગ 6 હજાર પાણીના જોડાણો 24 કલાક પીવાનું પાણી પૂરૂં પાડશે. હૈદરાબાદથી અગાઉ કરીમનગર પહોંચેલા શ્રી ખટ્ટરે શહેરમાં 12.35 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ બહુહેતુક ઇમારત અને 22 કરોડ રૂપિયાના ખર્ચે રમતગમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી સંજય કુમાર અને રાજ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# HARDEEP PURI-IEW

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જાહેરાત કરી કે ઈન્ડિયા એનર્જી વીક-IEW 2025 એ વૈશ્વિક સ્તરે બીજી સૌથી મોટી ઉર્જા ઈવેન્ટ હશે. 1 લાખ ચોરસ મીટરથી વધુ જગ્યામાં આ ઈવેન્ટનું આયોજન કરાયું છે.

11 થી 14 ફેબ્રુઆરી દરમિયાન યશોભૂમિ, દ્વારકા, નવી દિલ્હી ખાતે આયોજિત, આ કાર્યક્રમ ઊર્જા ક્ષેત્ર માટે સીમાચિહ્નરૂપ મેળાવડો બનશે

# INDONESIAN PREZ VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે જણાવ્યું કે ભારતના 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિની સહભાગિતા એ બંને દેશો વચ્ચેની મિત્રતાને સમર્પિત હશે. રાષ્ટ્રપતિ પ્રબોવો 76માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી પૂર્વે ચાર દિવસની મુલાકાતે ગઈકાલે રાત્રે ભારત પહોંચ્યા હતા.

# SC-TDS

સર્વોચ્ચ અદાલતે આજે આવકવેરા કાયદા હેઠળ TDS સિસ્ટમને નાબૂદ કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બેન્ચે જણાવ્યું કે આ અરજી મુસદ્દો નબળો હતો અને અરજદારને વડી અદાલતનો સંપર્ક કરવાની સલાહ આપી હતી. આ અરજીમાં, TDS માળખાને મનસ્વી અને અતાર્કિક હોવાનો દાવો કરવામાં આવ્યો હતો જે સમાનતાના અધિકાર સહિત ઘણા મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

# PM KARPURI THAKUR

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભારતરત્ન કર્પુરી ઠાકુરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કર્પૂરી ઠાકુર સામાજિક ન્યાયના મસીહા હતા, અને તેમણે અનામતનો અમલ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે કર્પુરી ઠાકુરે તેમનું સમગ્ર જીવન સામાજિક ન્યાય માટે સમર્પિત કર્યું અને આ દિશામાં ઘણા પ્રયત્નો કર્યા. તેમણે ઉમેર્યું કે શ્રી ઠાકુરના જીવન અને આદર્શો દેશની દરેક પેઢીને પ્રેરણા આપતા રહેશે.

# SECRETARY-REVIEW

આકાશવાણી અને દૂરદર્શન 26મી જાન્યુઆરીના રોજ કર્તવ્ય પથથી 76મા પ્રજાસત્તાક દિવસની પરેડના લાઈવ કવરેજ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. લાઇવ કવરેજનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક પર, WAVES OTT પ્લેટફોર્મ સાથે કરવામાં આવશે. ત્યારે માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ આકાશવાણી અને દૂરદર્શન દ્વારા લાઇવ કવરેજ માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. શ્રી જાજુએ આકાશવાણી અને દૂરદર્શનની ટીમના પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે, દરેક વ્યક્તિ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પર્વના પ્રસારણને સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રજાસત્તાક દિવસની પરેડનું અવિરત પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે કેમેરા અને ઓપ્ટિકલ ફાઈબર લાઈનો ગોઠવવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MEA BRIEFING

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી ભારત અને ચીન વચ્ચે વિદેશ સચિવ-ઉપપ્રધાન કાર્યપદ્ધતિની બેઠક માટે રવિવારથી ચીનની બે દિવસની મુલાકાતે છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, વિદેશ સચિવ ચીનમાં તેમના સમકક્ષ, ઉપમંત્રી સાથે મુલાકાત કરશે, જ્યાં દ્વિપક્ષીય હિતના તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

# CEC-ECI CONFERENCE

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું છે કે રાષ્ટ્રીય મતદાતા દિવસ ચૂંટણી પંચની રચનાની ઉજવણી જ નહી પરંતુ તે લોકશાહીની ભાવનાનું સન્માન કરવાનો પણ એક ઉત્સવ છે.

૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની પૂર્વસંધ્યાએ આજે નવી દિલ્હીમાં જાહેર  કરાયેલા એક સંદેશમાં તેમણે કહ્યું કે આ વર્ષે રાષ્ટ્રીય મતદાતા દિવસ ખાસ છે કારણ કે ભારતીય ચૂંટણી પંચ રાષ્ટ્રની સેવાના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, વર્ષ 2024 માં, વિશ્વએ ભારત તરફ આશ્ચર્યથી જોયું હતું કારણ કે આ વખતની લોકસભાની ચૂંટણીમાં 64 કરોડ 60 લાખ લોકોએ મતદાન કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો.

# JPC-WAQF

હોબાળાને પગલે વિપક્ષના દસ સાંસદોને વકફ (સુધારા) બિલ, 2024 પર સંસદની સંયુક્ત સમિતિની આજની બેઠકમાંથી સસ્પેન્ડ કરાયા છે. તેમાં તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, દ્રવિડ મુનેત્ર કઝગમના એ રાજા, કોંગ્રેસના નાસિર હુસૈન અને ઈમરાન મસૂદ તેમજ સમાજવાદી પાર્ટીના મોહિબુલ્લાનો સમાવેશ થાય છે. ભાજપ સાંસદ અપરાજિતા સારંગીએ વિપક્ષી સભ્યોને સભામાં તેમના વર્તન અંગે સવાલ કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે કલ્યાણ બેનર્જીએ પેનલના અધ્યક્ષ જગદંબિકા પાલ સામે અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો હતો.

બીજી તરફ, શ્રી બેનર્જીએ કહ્યું કે બેઠકનો વિષય બદલાઈ ગયો છે. તેમણે આરોપ લગાવ્યો કે તેઓ દિલ્હી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉતાવળ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે અધ્યક્ષની પણ ટીકા કરી હતી. જેપીસીમાં લોકસભાના 21 અને રાજ્યસભાના 10 સભ્યોનો સમાવેશ થાય છે. આ મામલે સંયુક્ત સંસદીય સમિતિના સદસ્ય નિશિકાંત દુબેએ વધુમાં આ મુજબ જણાવ્યું..

**(બાઈટ : નિશિકાંત દુબે)**

# HOCKEY-HIL

મહિલા હોકી ઈન્ડિયા લીગમાં ઓડિસા વોરિયર્સ ફાઇનલમાં પ્રવેશનારી પ્રથમ ટીમ બની ગઈ છે. આજે JSW સૂરમા હોકી ક્લબનો સામનો શ્રાચી રાઢ બંગાળ ટાઈગર્સ સાથે થશે. પુરુષ વર્ગના રાત્રે સવા આઠ વાગ્યે શ્રાચી રાઢ બંગાળ ટાઈગર્સ અને વેદાંત કલિંગા લાન્સર્સ સામસામે ટકરાશે.

# KHO KHO SPORTS MINISTER

યુવા બાબતો અને રમતગમતના રાજ્યમંત્રી રક્ષા ખડસેએ નવી દિલ્હીમાં ખો-ખો વિશ્વકપમાં ઐતિહાસિક જીત મેળવનાર ભારતીય પુરૂષ અને મહિલા ટીમનું સન્માન કર્યું હતું. બંને ટીમોએ તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત પ્રથમ ખો ખો વિશ્વકપ જીત્યો હતો. શ્રી ખડસેએ પુરૂષ અને મહિલા બંને ટીમોને અભિનંદન પાઠવ્યા અને કહ્યું કે આ દેશની પરંપરાગત રમતની જીત છે. તેમણે આશા વ્યક્ત કરી કે ખો ખો ઓલિમ્પિક ગેમ્સમાં તેનું સ્થાન મેળવશે.

**(બાઇટ: રક્ષા ખડસે, કેન્દ્રીય મંત્રી)**

# TRIPURA-STUDENTS

પહેલી વાર, ઉત્તરપૂર્વીય રાજ્ય ત્રિપુરાના છ વિદ્યાર્થીઓ 26 જાન્યુઆરીએ દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાનારી પ્રજાસત્તાક દિવસની પરેડમાં હાજરી આપશે. OBC કલ્યાણ વિભાગના નાણાકીય સહયોગથી, વિદ્યાર્થીઓ આવતીકાલે દિલ્હી જવા રવાના થશે. અગરતલામાં આયોજિત એક કાર્યક્રમમાં, OBC કલ્યાણ મંત્રી સંતના ચકમાએ તમામ છ વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતું.

બી.એડ.ના વિદ્યાર્થીઓ અભિષેક રોય, બિપ્લબ પાલ, અજય દેબનાથ અને સુષ્મિતા દેબનાથે ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું કે રાજધાની દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડ જોવી એ એક આનંદદાયક અને ગર્વનો અનુભવ હશે.

# MUMBAI- SAIF ALI KHAN

સૈફ અલી ખાન હુમલા કેસમાં, બાંદ્રા મેજિસ્ટ્રેટ અદાલતે આરોપી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ શહેઝાદને 29 જાન્યુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યો છે. અદાલતે અવલોકન કર્યું કે આ કેસમાં અન્ય પરિણામી પાસાઓની તપાસ કરવી જરૂરી છે. અદાલતે ઉમેર્યું કે આરોપીની નિર્દોષતા ચકાસવા માટે પણ આવી તપાસ જરૂરી છે.